PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૩૧૪૮-૧ તારીખ : ૦૬ - ૧૦ - ૨૦૨૩

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
કુકાભાઈ ગેલાભાઇ શિયાળ
જુના ગામમાં ,
મું. પો. : વડોદ , તા. : જસદણ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૫૫
મોબાઈલ : ૯૮૯૮૬૧૫૨૬૭

વિષય : વીજજોડાણમાં ભાગીદારો ગેરરીતી કરેતો જવાબદારી રદ કરવા / વીજજોડાણ રદ કરવા .

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૧-૦૮-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૭/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જસદણ.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વિંછીયા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૭/ક્વા-૨/૨૩-૨૪/ ૩૧૫૮-૧ તા. 06-10-૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૭/ક્વા-૨/૨૩-૨૪, તા.૨૧-૦૮-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી કુકાભાઈ ગેલાભાઈ શિયાળ, ગામ:વડોદ |
| રજૂઆત કરનાર | : અરજદારશ્રી વતી તેમના પ્રતિનિધિ તરીકે યોગેન્દ્રસિંહ બહાદુરસિંહ ગોહિલ |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ |
| રજૂઆત કરનાર | : શ્રી એ. ડી. સૈયદ, ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર તથા શ્રી કે.ડી.મોઢ, અધિક્ષક હિશાબનીશ (રેવ.), પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ તથા તેમની સાથે શ્રી એસ.આઈ. ગરાળા, સીનીયર આસી., પેટાવિભાગીય કચેરી વિંછીયા |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**:: કોરમ ::**

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૨૨.૦૯.૨૦૨૩ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨.૦૯.૨૦૨૩ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી કુકાભાઈ ગેલાભાઈ શિયાળની રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ગોવિંદભાઈ વેલાભાઇ શિયાળને સર્વે નંબર ૨૯ માં તેમજ પરષોતમભાઈ વેલાભાઈ શિયાળ ને સર્વેનં. ૮૯ માં સિંગલ ફેઝ ઘરવપરાશનું કનેકશન આપવામાં આવેલ છે. સદર વીજજોડાણો ખેતીવાડી જમીનની સંયુક્ત માલિકીની હોય તેમજ બંને સર્વે નંબરમાં અરજદાર સીધી લીટીના વારસદાર છે.

૨.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓ સદર જમીનમાં માલિકીનો હક્ક ધરાવતા હોય, સદર સિંગલ ફેઝ વીજજોડાણમાં કોઇપણ ગેરરીતી થાશે તો પીજીવીસીએલ દ્વારા કોઇપણ રકમ વસુલ કરી શકાશે નહિ.

૨.૨ અરજદાર દ્વારા નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લઇને ઉપરોક્ત બન્ને વીજજોડાણ કાયમી ધોરણે રદબાતલ કરવા રજૂઆત કરેલ છે.

૧. સર્વે નં.૨૯ ના ગામ નમુના – ૭ માં અન્ય ખાતેદારોના સિંગલ ફેઝ કનેકશનની માંગણી કરવામાં આવેલ હોય તેમા અન્ય કોઈ સીધીલીટીના ખાતેદારોની સહમતિ લીધેલ / મેળવેલ નથી.

૨. સર્વે નં.૮૯ ના ગામ નમુના – ૭ માં અન્ય ખાતેદારોના સિંગલ ફેઝ કનેકશનની માંગણી કરવામાં આવેલ હોય તેમા અન્ય કોઈ સીધીલીટીના ખાતેદારોની સહમતિ લીધેલ / મેળવેલ નથી.

૩. સર્વે.૨૯ માં ગોવિદભાઈ વેલાભાઈ શિયાળને ગ્રા.નં.૮૧૮૪૪/૦૦૭૩૮/3 થી કનેકશન લગાવામાં આવેલ છે, તે કંઈ કેટેગરીનું કનેકશન રીલીઝ કરવામાં આવેલ છે તે સાબીત થતુ નથી.

૪. સર્વે નં.૮૯માં લગાવેલ પરસોતમભાઈ વેલાભાઈ શિયાળના ગ્રા.નં.૮૧૮૪૪/૦૦૮૦૧/0 થી કનેકશન લગાવામાં આવેલ છે તે કઈ કેટેગરીનું કનેકશન રીલીઝ કરવામાં આવેલ છે, તે સાબીત થતુ નથી.

૫. તા.૦૮/૦૨/૨૦૧૮ના એસ.આર(ZP) રજીસ્ટ્રેશન થયેલ હોય તે સરકારશ્રીના ઝુંપડપટી વીજકરણ યોજના હેઠળ કનેકશન આપવામાં આવેલ છે તે સાબીત છે.

૬. તા.૦૭/૦૬/૨૦૧૯ના એસ.આર(ZP) રજીસ્ટ્રેશન થયેલ હોય તે સરકારશ્રીના ઝુંપડપટી વીજકરણ યોજના હેઠળ કનેકશન આપવામાં આવેલ છે, તે સાબીત છે.

૭. તા.૦૧/૦૨/૨૦૧૮ ના નં. ૧૫ માં ગોવિદભાઈ વેલાભાઈ શિયાળના પર્ફોમા ખેતીવાડી એ.જી. આર.એલ ન્યુકનેકશન દર્શાવવામાં આવેલ છે અને એસ.આર. રજી. થયેલ તા.૦૮/૦૨/૨૦૧૮ પછી કનેકશન દર્શાવામાં લગાવાનું હોય છે પરંતુ ૦૧ દિવસમાં રજીસ્ટ્રેશન અને તેજ દિવસે કનેકશન રિલીઝ કરવામાં આવેલ છે, તેમજ અન્ય કોઈ વિગતો દર્શાવેલ નથી.

૮. તા.૦૭/૦૬/૨૦૧૯ ના નં.૧૫ માં પરસોતમભાઈ વેલાભાઈ શિયાળના પર્ફોમા ખેતીવાડી એ.જી./આર.એલ. ન્યુકનેકશન દર્શાવામાં આવેલ છે અને પર્ફોમામા ગ્રાહકની સહી નથી તેમજ ૧ દિવસમાં રજીસ્ટ્રેશન અને તેજ દિવસે કનેકશન રિલીઝ કરવામાં આવેલ છે. તેમજ કોઈ અધિકારીની કે કોન્ટ્રાકટરની સહી અને ચેકચાકવાળો પર્ફોમા છે જેમાં અન્ય કોઈ વિગતો દર્શાવેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

આમ ઉપરોકત મુદ્દા ૧ થી ૮ ધ્યાને લેતા જણાવાનું કે સર્વે નં.૨૯ અને ૮૯ જે ખેતીવાડીની જમીન સીમતળમાં હોય તો તેમાં એસ.આર. (ZP) મુજબ ઝુંપડપટી વીજકરણ સરકારની યોજના હેઠળ લગાવામાં આવેલ છે કે ખેતીવાડી એ.જી./આર.એલ. કેટેગરીમાં લગાવામાં આવેલ છે પરંતુ ઉપરોકત બંને ગ્રાહક નંબર વાળા કનેકશન લગાવામાં આવેલ છે જે વિછીયા સબડીવીઝન અને જસદણ ડીવીઝનને આ કઈ કેટેગરીના કનેકશન લગાવામાં આવેલ છે જે સાબીત થતુ નથી અને સાબીત કરી શકતા નથી.

૨.૩ સદર રજુઆત અન્વયે ઉપરોક્ત બંને વીજજોડાણ ઉતારવા અન્યથા આ બંને સિંગલ ફેઝ કનેકશનો લગાવામાં આવેલ હોય તે કનેકશનમાં તાજેતરમાં ગેરરીતી આચરેતો અરજી કરતાઓ તેમજ અન્ય માલીકી હકકો વાળા પાસેથી કંપની દ્વારા કોઈપણ રકમ/ચાર્જ વસુલી કરી શકશે નહીં અને આ બંને કનેકશનો અધિકારીઓ દ્વારા ગેરરીતી આચરી લગાવામાં આવેલ છે તો તાજેતરમાં આ કનેકશનને લગત ગેરરીતી અન્વયે કોઈપણ પ્રકારનો કંપની ચાર્જ વસુલ કરશે તેવી અમોને દહેશત હોય તો આ બંને કનેકશનો અંગે રૂબરૂ બોલાવી યોગ્ય (રદ) કરશો તેવી ગ્રાહક ફોરમમાં રજૂઆત છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલની લેખિત રજૂઆત મુજબ અરજદારશ્રી શિયાળ ગોવિંદભાઈ વેલાભાઇ ગ્રાહક નં. ૮૧૮૪૪/૦૦૭૩૮/3 **RGPR** કેટેગરીમાં તા.૦૮.૦૨.૨૦૧૮ તથા શિયાળ

પરષોતમભાઇ વેલાભાઇ ગ્રાહક નં.૮૧૮૪૪/૦૦૮૦૧/૦ **RGPR** કેટેગરીમાં તા.૦૭.૦૬.૨૦૧૯ ના રોજ રીલીઝ થયેલ છે.

૩.૧ ઉપરોક્ત સદર ઘરવપરાશના વીજકનેક્શનનો હાલ ખેતીવાડીની જમીનમાં ઘરવપરાશના હેતુ માટે લાગેલા છે, તથા ઝુંપડપટ્ટી સ્કીમ હેઠળ અપાયેલા હતા.

૩.૨ ઉપરોક્ત વીજકનેકશનના કેસ પેપર્સ તપાસતા ગોવિંદભાઈ વેલાભાઇ શિયાળના નામે અપાયેલ વીજ કનેકશનના કેસ પેપર મળેલ છે જયારે પરષોતમભાઇ વેલાભાઇ શિયાળના કેસ પેપર મળેલ નથી તેમાં ખેતીવાડીનો જમીનના સહભાગીદારની સંમતિ માલુમ પડતી નથી.

3.3 ઉપરોક્ત વીજકનેકશનો સામે ઓક્ટોબર-૨૦૨૨ માં માધાભાઈ ઓઘડભાઈ શિયાળ દ્વારા લેખિત વાંધો રજૂ કરેલ પરંતુ તા.૧૭.૦૧.૨૦૨૩ ના રોજ નાયબ ઇજનેરશ્રી વિંછીયા દ્વારા સ્થળ તપાસ કરાવતા શ્રી માધાભાઈ ઓઘડભાઈ શિયાળ દ્વારા આવી કોઈ અરજી જ થયેલ નથી તથા તેમની સહી ખોટી રીતે હોય છે તેમ જણાવેલ હતું સ્થળ પર કરેલ રોજકામની નકલ રજુ કરેલ છે.

૩.૪ ઉપરોક્ત બાબતે નાયબ ઇજનેરશ્રી વિંછીયાએ સદર વીજકનેકશનોમાં બંને ગ્રાહકો દ્વારા કંપનીના વીજબીલ ભરપાઈ કરે છે તથા ગ્રાહકોએ સ્વેચ્છાએ કનેક્શન રદ કરવા માટે અરજી કરેલ નથી. આથી આ બન્ને વીજ કનેકશનો રદ કરવા પાત્ર નથી તેનો જવાબ વીએસડી/ટેક/૧૯૧ તા.૧૨.૦૧.૨૦૨૩ થી આપેલ છે.

૩.૫ ત્યારબાદ રવજીભાઈ ઓઘડભાઈ શિયાળે તા.૧૮.૦૧.૨૦૨૩ના રોજ બંને વીજકનેકશનોમાં સહમતી ન હોવાથી ઉતારવા રજૂઆત કરેલ હતી જે સંદર્ભમાં વીએસડી/ટેક/૨૪૪૯ તા.૨૦.૦૪.૨૦૨૩ ના રોજ નાયબ ઇજનેરશ્રી વિંછીયા દ્વારા પ્રત્યુતર આપેલ છે.

૩.૬ ત્યારબાદ બંને વીજગ્રાહકો દ્વારા તા.૨૫.૦૪.૨૦૨૩ના રોજ પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબ જસદણની કોર્ટમાં આરસીએસ નંબર ૨૨/૨૦૨૩ તથા ૨૩/૨૦૨૩ થી સદર વીજકનેકશનો ન કાપવા બાબતે દિવાની કેસ દાખલ કરેલ છે. જે કેસ હાલ ન્યાયિક પ્રક્રિયા હેઠળ પડતર હોવા છતાં ફરિયાદી અરજદાર કુકાભાઈ ગેલાભાઇ શિયાળએ તા.૨૮.૦૮.૨૦૨૩ ના રોજ ગ્રાહક નિવારણ ફોરમ રાજકોટમાં સદર કેસ દાખલ કરેલ હોય ફરિયાદ દફતરે કરવા વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદારશ્રી કુકાભાઈ ગેલાભાઈ શિયાળની રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ગોવિંદભાઈ વેલાભાઇ શિયાળને ઘરવપરાશ વીજજોડાણ ગ્રાહક નં-૮૧૮૪૪/૦૦૭૩૮/૩ થી તા.૦૮.૦૨.૨૦૧૮ ના રોજ તેમજ સર્વે નંબર ૨૯ માં તેમજ પરષોતમભાઈ વેલાભાઈ શિયાળને ઘરવપરાશ વીજજોડાણ ગ્રાહક નં.૮૧૮૪૪/૦૦૮૦૧/૦ તા.૦૭.૦૬.૨૦૧૯ ના રોજ અન્ય કોઈ સીધીલીટીના ભાગીદારો એટલેકે તેઓ પણ ભાગીદાર હોવા છતાં તેમની સહમતિ મેળવ્યા વગર સંયુક્ત માલિકીની ખેતીવાડીની જમીનમાં ઘરવપરાશના હેતુ માટે વીજજોડાણ ચાલુ છે, તથા સદર બંને વીજજોડાણો ગુજરાત રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી સ્કીમ હેઠળ ૦૧ દિવસમાં અરજી અને એક દિવસમાં જ અપાયેલા હોય, તે મુજબની ઉપરોક્ત મુદ્દા નં ૨.૦, ૨.૧, ૨.૨ (૧ થી ૮) તેમજ ૨.૩ થી રજુઆત કરેલ છે, જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા કરાયેલ લેખિત રજૂઆત ઉપરોક્ત મુદ્દા નં ૩.૬ મુજબની વિગતે ઉપરોક્ત બંને વીજજોડાણો બાબતે, નામદાર કોર્ટમાં દિવાની કેસ પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબ

જસદણની કોર્ટમાં આરસીએસ નંબર ૨૨/૨૦૨૩ તથા ૨૩/૨૦૨૩ થી સદર વીજકનેકશનો ન કાપવા બાબતે દિવાની કેસ દાખલ કરેલ છે. જે કેસ હાલ ન્યાયિક પ્રક્રિયા હેઠળ પડતર છે.

૪.૨ નામદાર જીઈઆરસીના નોટીફીકેશન નં. ૦૨ / ૨૦૧૯ નો ક્લોઝ નં ૨.૩૩ નીચે મુજબ છે.

ફરિયાદોની રજૂઆતની મર્યાદા/પૂર્વ શરતો:

૨.૩૩ ફરિયાદીને નીચેના કોઇપણ કેસોનાં ફોરમ પાસે જવા હકદાર ગણાશે નહીં.

૧. સમાન બાબત સંબંધમાં અને સમાન ફરિયાદી અને પરવાનેદારની વચ્ચેની બાબતો અંગેના કેસો કે જેની કાર્યવાહી કોઇ અદાલત, ટ્રિબ્યુનલ, લવાદ કે બીજા કોઇ તંત્ર પાસે નિકાલ બાકી હોય અથવા આવી કોઇ અદાલત, ટ્રિબ્યુનલ, દલાલ કે તંત્ર દ્વારા હુકમનામું, નિર્ણય કે આખરી હુકમ પસાર કરાયો હોય.

૨. જે કેસો અધિનિયમની કલમો ૧૨૬, ૧૨૭, ૧૩૫ થી ૧૩૯, ૧૫૨ અને ૧૬૧ હેઠળ આવતા હોય,

૩. ફરિયાદો નીચે મુજબની હોય,

ક. વ્યર્થ, કષ્ટદાયક, બદઇરાદાયુક્ત

ખ. કોઇ પૂરતા કારણ વિનાની

ગ. ફરિયાદીને પ્રથમ નજરે ખોટ કે નુકશાન કે અગવડ પડી ન હોય,

પરંતુ, ફરિયાદીને સાંભળવાની તક આપ્યા વિના કોઇપણ ફરિયાદનો ઇન્કાર કરાશે નહીં.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબની વિગતે, નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૯ જાહેરનામા નં. ૦૨/૨૦૧૯ ના વિનિયમ નં. ૨.૩૩(૧) માં કરાયેલ જોગવાઈમાં આ ફરિયાદનો સમાવેશ થતો હોય, અત્રેના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમની આ ફરિયાદ ચલાવવાની સત્તા ન હોય આ ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

Joshi.N.H.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન